# સંજ્ઞા - નામ

- **સંજ્ઞાનો અર્થ :**

જે પદ પ્રાણી, પદાર્થ, ગુણ, ક્રિયા, લાગણી કે સ્થિતિને ઓળખવા માટે વપરાય છે તેને સંજ્ઞા કહેવાય છે.

# (૧) જાતિવાચક સંજ્ઞા :

વ્યકિતઓ કે પદાર્થોના આખા વર્ગને કે જાતિ ને દર્શાવતી સંજ્ઞાને જાતિવાચક સંજ્ઞા કહે છે.

● ઉદા. : નદી, પર્વત, સરોવર, ઝાડ, પશુ, પંખી, નગર, ગામ, વિદ્યાર્થી, પુસ્તક, શાળા, ફૂલ, ટેબલ, ખુરશી

# (૨) વ્યકિતવાચક સંજ્ઞા :

કોઈ ચોક્કસ વ્યકિત, પ્રાણી, પદાર્થ, સ્થળ વગેરેને ઓળખવા માટે પાડેલા વિશેષ નામને વ્યકિતવાચક સંજ્ઞા કહે છે.

● ઉદા. : ગાંધીજી, મીરાં, કબીરવડ, નળ સરોવર, ભાવનગર, હિમાલય, ભાદર નદી, સોમવાર, ધંધુકા, ભવાની વાવ, તાજમહાલ

# (3) દ્રવ્યવાચક સંજ્ઞા :

જે નામ પ્રવાહી, ખનીજ, ધાતુ, અનાજ, બાંધકામ, ખાવાપીવાની ચીજો માટે વપરાય છે તેને દ્રવ્યવાચક સંજ્ઞા કહે છે.

● ઉદા. : દૂધ, ઘી, પાણી, તેલ, મધ, ઘઉં, ચોખા, બાજરી, મગ, દાળ, રૂ, તાંબું, સોનું, લાકડું, કોલસો, પથ્થર, માટી, ચૂનો

# (૪) સમૂહવાચક સંજ્ઞા :

જે નામ પ્રાણી કે પદાર્થના આખા સમૂહ માટે વપરાય છે તેને સમૂહવાચક સંજ્ઞા કહે છે.

- ઉદા. : સભા, સરઘસ, વણજાર, કાફલો, સૈન્ય, મેળો, ઢગલો, ટોળું

# (૫) ભાવવાચક સંજ્ઞા :

જે પદાર્થને જોઈ - સ્પર્શી ન શકાય પણ કેવળ અનુભવી શકાય તેવા ગુણ કે ક્રિયાના ભાવને ભાવવાચક સંજ્ઞા કહે છે.

● ઉદા. : ડહાપણ, ખટાશ, ઊંઘ, પ્રેમ, સુખ, દુઃખ, આનંદ, પ્રામાણિકતા, વાંચન, ભલાઈ, ગરમી, શોખ, ભરતી, લખાણ, વિવાદ, ગળપણ